RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 13 * Date: 05.11.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## દિવાળીના ૧૩ દિવસ પછી પણ દિલ્હીમાં AQI 229:ઉત્તરાખંડ-હિમાચલમાં પહાડો પર બરફવર્ષા; રાજસ્થાન-MPમાં બે દિવસ વરસાદનું એલર્ટ







દેશમાં હાલમાં ત્રણ પ્રકારની મોસમ ચાલી રહી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહીત દક્ષિણ ભારતનાકેટલાક ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. રાજધાની દિલ્હી પ્રદૂષણ અને ધુમ્મસથી ઝઝૂમી રહી છે.દિવાળીના ૧૩ દિવસ પછી પણ, અહીં છઊૈં સ્તર ગંભીર કેટેગરીમાં છે. મંગળવારે સવારે ૯.૩૦ વાગ્યે છઊૈં સ્તર ૨૨૯ નોંધાયું હતું.ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને અન્ય હિમાલયી રાજ્યો માટે હિમવર્ષાની ચેતવણીઓ આપવામાં આવી છે. જોકે, હિમવર્ષા ફક્ત ૪,૦૦૦ મીટરથી ઉપરના વિસ્તારોમાં જ થશે.હિમવર્ષાથી પહાડી જિલ્લાઓમાં ઠંડી વધી શકે છે. હિમાચલના રોહતાંગ પાસમાં હાલની હિમવર્ષા જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. સોમવારે હાઈવે પર પ્રવાસીઓની ભીડ જામ થઈ ગઈ હતી.હવામાન વિભાગે પર્વતીય વિસ્તારોમાં રહેતા લોકો અને પ્રવાસીઓને ઠંડા અને લપસણા રસ્તાઓથી સાવધ રહેવા અને મુસાફરી કરતા પહેલા હવામાનની જાણકારી રાખવાની સલાહ આપી છે.

રાજયના અનેક જિલ્લાઓમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. સોમવારે બલેરામાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે પાણી નદીની જેમ વહેવા લાગ્યું હતું. આ સિસ્ટમની મંગળવારે પણ આંશિક અસર થવાની સંભાવના છે, અને ઉદયપુર, કોટા અને જયપુર વિભાગોમાં હળવા વાદળો રહેવાની સંભાવના છે. મંગળવાર સવારથી જયપુરમાં વાદળછાયું વાતાવરણ છે, અને ઘણા વિસ્તારોમાં ઝરમર વરસાદ પણ પડ્યો છે.

મધ્યપ્રદેશમાં આગામી બે દિવસ માટે ઝરમર વરસાદ, વાવાઝોડા અને વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ત્યારબાદ ૬ નવેમ્બરથી હવામાન સ્વચ્છ થઈ જશે. ઉત્તરીય પવનોને કારણે રાત્રિના તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે, પરંતુ દિવસનું તાપમાન ૩૦ ડિગ્રીથી ઉપર રહેશે. પશ્ચિમી ક્ષેત્રમાં એક સાઈક્લોન સર્કુલેશન એક્ટિવ છે, જે રાજયના કેટલાક જિલ્લાઓને અસર કરી શકે છે. ૫ નવેમ્બર પછી તીવ્ર ઠંડીનો સમયગાળો શરૂ થશે.

## વોટ ચોરી નહીં થાય તો મહાગઠબંધનની સરકાર બનશેઃગયામાં રાહુલ ગાંધીએ કહ્યું- બિહારમાં આરોગ્ય વ્યવસ્થા પડી ભાંગી



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગયાના ઔરંગાબાદમાં એક જાહેર સભાને સંબોધી હતી. બંધારણ બતાવતા તેમણે કહ્યું કે તેમાં લખ્યું છે કે એક વ્યક્તિનો એક વોટ હોવો જોઈએ. મોદી અને શાહ ચૂંટણી પંચ સાથે મળીને વોટ ચોરી કરી રહ્યા છે.મોદીએ આ વખતે કહ્યું, અબ કી બાર ૪૦૦ પાર, પણ તે થયું નહીં. જો વોટ ચોરી ન થઈ હોત, તો દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધન સત્તામાં હોત. બિહારમાં એવું નહીં થાય; બિહારના યુવાનો આ વખતે તેમને રોકશે.નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર બિહારમાં વોટ ચોરી વગર ચૂંટણી જીતી શકતા નથી. જો જનતાએ વોટ ચોરી રોકશે તો બિહારમાં મહાગઠબંધનની સરકાર બનશે.રાહુલ ગાંધીએ કહ્યું કે બિહારના યુવાનો દેશના અન્ય રાજ્યોમાં મજૂરી કરે છે. કારણ કે નીતિશ કુમાર અને નરેન્દ્ર મોદીએ બિહારના યુવાનોને બેરોજગારી ભેટ આપી છે. દેશ જાણે છે કે બિહારીઓમાં શક્તિ અને ઉર્જાની કમી નથી, પરંતુ કોઈ કારણોસર યુવાનોને બિહારમાં રોજગાર મળી શકતો નથી.અગાઉ ઔરંગાબાદમાં, રાહુલ ગાંધીએ લોકોને પૂછ્યું, ×તમે કેમ છો? તમારો મૂડ કેવો છે? તમારી પાસે નીતિશ કુમારને હટાવવાનો પ્લાન છે? તમારું કામ ચાલુ છે. તે ચાલી રહ્યું છે. નીતિશ કુમાર ૨૦ વર્ષથી સરકાર ચલાવી રહ્યા છે. તેઓ તેને ચલાવી રહ્યા છે, પણ તે ચાલી રહી નથી.×તેમણે કહ્યું કે બિહાર સરકાર દિલ્હીથી મોદીજીના આદેશ પર કામ કરી રહી છે. સરકાર પાસે અહીં તમારા લોકો માટે જમીન નથી, પરંતુ મોદીજી પાસે અદાણી અને અંબાણી માટે પુષ્કળ જમીન છે.રાહુલે કહ્યું કે આ લોકો જાણે છે કે તેઓ બિહારની ચૂંટણી હારી રહ્યા છે. તેઓ ફક્ત એ જ કરવામાં વ્યસ્ત છે. તેમણે એવું કામ કર્યું નથી જેનાથી તેમને ચૂંટણી જીતવામાં મદદ મળે, તેથી તેઓ વોટ ચોરી કરે છે.રાહુલ ગાંધીએ કહ્યું, ×હું બિહારના યુવાનોને એક સવાલ પૂછવા માંગુ છું. હું દેશમાં જ્યાં પણ જાઉં છું, ત્યાં મને બિહારના લોકો દેખાય છે. તમે તમારા લોહી-પરસેવાથી દુબઈ જેવી જગ્યા બનાવી છે. મારો તમને સવાલ છે કે, જો તમે દુબઈ અને બેંગલુરુ જેવા શહેરો બનાવી શકો છો, તો તમે બિહારમાં કેમ એવું ન કરી શકો?×

એક સમય હતો જયારે નાલંદા યુનિવર્સિટી વિશ્વભરમાં પ્રખ્યાત હતી. જાપાન, કોરિયા અને ઈંગ્લેન્ડના લોકો અભ્યાસ કરવા આવતા હતા. નાલંદા વિશ્વનું શિક્ષણ કેન્દ્ર હતું. આજે બિહારની યુનિવર્સિટીઓ વિશે બીજા લોકોને પૂછો. તેઓ કહે છે કે અહીં ફક્ત પેપર લીક થાય છે. જેમના સેટિંગ છે તેમને પેપર મળી જાય છે. બાકીના બિહારના યુવાનો જોતા રહી જાય છે.

રાહુલે કહ્યું - મોદીજીએ ક્યારેય કોઈ મજૂરને સ્પર્શ પણ કર્યો નહી હોય. મોદી છઠ પૂજા પર નાટક કરી રહ્યા છે, યમુનામાં સ્નાન કરવાને બદલે, તેઓ સ્વિમિંગ પુલમાં સ્નાન કરવા ગયા. રાહુલ ગાંધીએ છઠ તહેવાર પર યમુના નદી અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે મોદીજી છઠ પૂજા પર નાટક કરી રહ્યા છે અને યમુના નદીમાં સ્નાન કરવાને બદલે, તેઓ સ્વિમિંગ પુલમાં સ્નાન કરવા ગયા હતા.રાહુલે આરોપ લગાવ્યો કે છઠ પૂજા એ માત્ર મત મેળવવા માટેનું નાટક છે, અને મોદી મત મેળવવા માટે સ્ટેજ પર પણ નાચી પણ શકે છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કુમાઉ યુનિવર્સિટી પહોંચ્યાઃવિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપ્યા



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ??પહેલી વાર નૈનીતાલમાં કુમાઉ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. તેમણે ૨૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપ્યા હતા. તે પહેલાં તેમણે બાબા નીમ કરોલીના દર્શન કર્યા હતા. દેશના કોઈ રાષ્ટ્રપતિએ કૈંચી ધામની મુલાકાત લીધી હોય તેવો આ પહેલો પ્રસંગ હતો.રાષ્ટ્રપતિના આગમન પહેલાં મંદિર ભક્તો માટે બંધ હતું, પરંતુ બપોરે ૧૨ વાગ્યા પછી જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. રાષ્ટ્રપતિએ પગપાળા મંદિરની પરિક્રમા કરી. અગાઉ, રાષ્ટ્રપતિએ શક્તિપીઠ મા નૈના દેવી મંદિરની મુલાકાત લીધી અને પૂજા-અર્ચના કરી હતી. તેમણે રાષ્ટ્રની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત નવેમ્બર - ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

નવેમ્બર -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ (ઉપલબ્ધિ મુજબ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 345**
વિષયઃ સાહિત્ય સમાજનું પ્રતિબિંબ
શીર્ષકઃ લાગણીની કલમે
પ્રકારઃ ગદ્ય -શબ્દોઃ ૧૭૧

સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે, એટલે કે સાહિત્યમાં સમાજની વિવિધતાઓ, સમસ્યાઓ, અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ પડે છે. લેખકના વિચારો ઉચ્ચ અને સામાજિક, પ્રેરણાદાયક હોવા જોઈએ, જેથી તેઓ સમાજને નવી દિશા અને પ્રેરણા આપી શકે.

સાહિત્યકાર સમાજના વિવિધ પાસાઓને ઉજાગર કરે છે, જેમ કેઃ

- સામાજિક સમસ્યાઓ
- આર્થિક અસમાનતા
- રાજકીય ભ્રષ્ટાચાર
- સાંસ્કૃતિક વારસો
- માનવીય સંબંધો

લેખકના વિચારો અને કલ્પનાઓ સમાજને નવી દિશા અને પ્રેરણા આપે છે, અને લોકોને સામાજિક પરિવર્તન માટે પ્રેરિત કરે છે.

ઉદાહરણ તરીકે, ગુજરાતી સાહિત્યમાં મહાત્મા ગાંધી, કાકા કાલેલકર, અને ઝવેરચંદ મેઘાણી જેવા લેખકોએ સમાજને નવી દિશા અને પ્રેરણા આપી છે. અને નવી ઉભરતી લેખિકા એટલે કે ર. ઢક્રજ્ઞંઠ "લાગણી"ની કલમે પ્રતિલિપિ પર લખાતી દરેક રચના સામાજિક અને પ્રેરણાદાયક છે, જ્યાં કોઈ જ કપટ કે જુઠાણું કે કોઈની કોપી નથી હોતી. લાગવગ એજ લાયકાત પણ નથી હોતી, હોય છે તો માત્ર ભરપૂર કલ્પના સાથે સત્યતાની મિશાલ.

તેથી, સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે, અને લેખકના વિચારો ઉચ્ચ અને સામાજિક,
પ્રેરણાદાયક હોવા જોઈએ.
હંસા ઝાલા"લાગણી" સુરત
★★★★★★★

**NOG SS NO 167**
વિષયઃસાહિત્ય સમાજનું પ્રતિબિંબ
શિર્ષકઃસાહિત્ય સમાજ સિક્કાની બે બાજુ
પ્રકારઃગદ્ય
શબ્દોઃ૩૫૦

કોઈપણ ભાવ કે મનની અભિવ્યક્તિને વ્યક્ત કરવાં માટે માધ્યમની જરૂર પડે. આ માધ્યમ એટલે સાહિત્ય પછી એ કોઈપણ ભાષામાં હોય શકે છે. સાહિત્ય એ જ્ઞાનને શાબ્દિક રીતે પ્રકાશિત/પ્રસારિત કરીને સાચવવાની એક પદ્ધતિ છે.સાહિત્યની સામાજિક, મનોવૈજ્ઞાનિક, આધ્યાત્મિક રાજકીય ભૂમિકા પણ હોઈ શકે છે.સાહિત્ય છે એ સંસ્કૃતિનો, વિચારોનો, આદર્શનો અને ભાવાત્મ ઉચાઈને દેખાડતું પ્રતિબિંબ છે.જયારે સમાજ છે એ સામાજિક વ્યવસ્થાનો, વ્યક્તિમાં, સમાજમાં વહેતી વિચારધારાનું અને કર્મ-અકર્મનું પ્રતિબિંબ છે.

સાહિત્ય કે સમાજ વ્યવસ્થાને વ્યવસ્થિત રાખવા માટે વિવેચન,ટીક્કા ટિપ્પણની જરૂર હોય છે અને તો જ તેના હાર્દ સુધી પહોચી શકાય છે. સમજી શકાય છે;સુધારી શકાય છે. સાહિત્યમાં અભિવ્યક્તિ અનેક રીતે થઈ શકે છે. કવિઓ કવિતા દ્વારા જયારે લેખકો તેના લેખ કે વાર્તા દ્વારા ભાવોને અભિવ્યક્ત કરતાં હોય છે.તેના ઘણાં પાસા છે.અનેક રીતે ભાવો વ્યકત કરી શકાય છે. સાહિત્યિક કાલ્પનિક હોય, કલાત્મક અને સત્ય ઘટના પર આધારિત પણ હોય છે.જયારે સમાજમાં અભિવ્યક્તિ માટે કોઈ એક નિયત પ્રક્રિયા નથી.સમાજમાં ભાવનાઓની અભિવ્યક્તિ કોઈપણ રીતે કરવામાં આવે છે પછી એ સમાજને ફાયદાકારક છે કે નુકશાનકારક એ કોઈ વિચારતું નથી.સમાજ એટલે અનેક વ્યક્તિઓ અને અનેક વિચારોનો સમૂહ; જેણે એક રૂપ કરવું એ અશક્ય નહી પણ કઠિન છે.

સાહિત્ય દ્વારા અભિવ્યકિત પણ એક કલા છે. ક્યારેક સાહિત્યિક કાલ્પનિક હોય છે અને લિખિત કૃતિઓ રૂપે પ્રદર્શિત થાય છે.જયારે સમાજની અભિવ્યક્તિ અનુભવી શકાય છે એ ક્યારેય તાદ્રશ્ય થતી નથી.

આજે સાહિત્યનુ અને સમાજના ઢાંચાનું સ્વરૂપ જ બદલાઈ ગયું છે.પહેલાં પ્રિન્ટ ટેકનોલોજીનાં કારણે સાહિત્ય પુસ્તક સ્વરૂપે વાંચક સુધી પહોચતું હતું; જ્યારે આજે ડિજિટલ યુગે ઓનલાઈન ઈલેક્ટ્રોનિક સાહિત્ય અને આધુનિક મીડિયાના અન્ય સ્વરૂપો વચ્ચેની રેખાઓ ઝાંખી કરી દીધી છે.માનોને ભેદરેખા જેવું જ કંઈ રહેવા દીધું નથી.આજે લાઈબ્રેરી કરતાં લોકોને ઓન લાઈન વાંચન વધારે પસંદ છે.એ પણ એક સબળ કે નિષ્ફળ સાહિત્યનું પાસું છે.

સાહિત્ય અને સમાજ એ એક સિક્કાની બે બાજુ છે.એક બીજા પર આધારિત છે સાહિત્ય વગર સમાજ અને સમાજ વગરનું સાહિત્ય શક્ય નથી.જેમ સિક્કાની એક બાજુ ઘસાઈ જાય તો એ સિક્કો ચાલતો નથી એમ જો સાહિત્ય નબળું હોય તો સમાજ ન ચાલે અને સમાજ નબળો હોય તો સાહિત્ય ન ચાલે.બીજી રીતે જોઈએ તો સમાજ એ સાહિત્યનુ અને સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે.કોઈપણ દેશના સાહિત્ય પરથી ત્યાંની સમાજ વ્યવસ્થા, વિચારધારા અને લોકોની માનસિકતા પ્રતિબિંબિત થતી હોય છે.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)
★★★★★★★

**NOG SS NO 166**
વિષયઃ-"સાહિત્ય સમાજનું પ્રતિબિંબ"
શીર્ષકઃ- "સાહિત્યનો લલકાર"
પ્રકારઃ-પદ્ય. શબ્દોઃ- ૯૮

હું સાહિત્યનો ઉછળતો સાગર છું,
હું અનેક ભાષાઓમાં સમાયેલો છું,

અનેક પ્રકારનાં રસોનું નિરૂપણ કરીને,
હું સમાજના પ્રતિબિંબને પ્રકટ કરૂં છુ.

હું સ્વતંત્રતાની અનોખી અમીરાત છું,
હું વિવિધ રૂપે મારી ઓળખ કરાવું છું,

ડર્યા વિના ધમકીની અવગણના કરીને,
હું સમાજની નબળાઈઓ પ્રકટ કરૂં છું.

હું સત્ય અને ન્યાય સામે લડનારો છું.
હું અન્યાય સામે બગાવત કરનારો છું,

સમાજની અવ્યવસ્થા દુર કરવા "મુરલી",
હું કલમથી સમગ્ર સમાજને લલકારૂં છું.

ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)
★★★★★★

**NOG SS NO:153**
વિષયઃ" સાહિત્ય સમાજનું પ્રતિબિંબ "
શીર્ષકઃ"સમાજઃસાહિત્ય થી ઉજળો"
પ્રકારઃગધ્ય. શબ્દોઃ૨૩૩

જે સાહિત્ય રચાય છે તે આપણાં કાર્યરત સમાજ નું પ્રતિબિંબ છે.તેજ રીતે આપણાં જે સમાજ ની રચના થાય છે તે આપણાં સાહિત્યકારોએ રચેલ રચનાઓ માંથી પ્રેરણા લઈ ને ઊભી થયેલ વ્યવસ્થા છે.નરસિંહ મહેતા,કવિ કાલિદાસ, ઓશો, પૂજ્ય મોટા,સ્વામી સચ્ચિદાનંદ, નર્મદ, જયભિખ્ખુ, ર.વ.દેસાઈ,ગુણવંત શાહ જેવાંઓનાં વિચારો થી અને વેદ, ગીતા ઉપનિષદ,રામાયણ,મહાભારત જેવાં ગ્રંથો થી આપણો સમાજ આટલો ઉજ્જવળ છે. સમાજ નાં કોઈ પણ પ્રશ્નો નાં જવાબ ગીતા માંથી મળી જાય છે.
આપણ ને ઈતિહાસ માં શીખવવામાં આવે છે કે આપણો કોહિનૂર હીરો અંગ્રેજો લઈ ગયાં છે કે જે રાણી એલિઝાબેથ નાં તાજ માં શોભે છે.પણ તે શીખવવામાં નથી આવતું કે આપણાં પૌરાણિક ગ્રંથો લઈ જઈને તેમાંથી પ્રેરણા લઈને તેમાંની શોધો ને પોતાના નામે ચઢાવી જગત ને છેતર્યા છે.રામાયણ વખત નાં પુષ્પક વિમાન માથી પ્રેરણા લઈને રાઈટ બ્રધસે વિમાન ની શોધ કરી દુનીયા ને છેતરે છે.
અગત્સય,વાલ્મીકિ,દ્રોણ જેવાં આપણાં રુષિમુનીઓ આપણ ને એ વખતે શિક્ષણ આપતાં હતાં ઋગ્વેદ એ વિશ્વનો સૌથી પ્રાચીનતમ ધાર્મિક ગ્રંથ છે આથી તેને ‘માનવજાતિના પ્રથમ વિધાન’ તરીકે ઓળખાય છે. તેનો રચનાકાળ પૂર્વ વૈદિક કાળ (ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૦૦૦) મનાય છે. આ ગ્રંથ ભારતીય પ્રાચીન વૈદિક ઋષિકુળો દ્વારા રચાયેલ જ્યારે પુરી દુનિયા પછાત અવસ્થામાં હતી અને આપણ ને અનુસરતી હતી.આપણે અત્યારે તે લોકો ને અનુસરીને સમાજ ને બદતર સ્થિતિમાં લઈ જઈએ છીએ.આપણો અસલ ભૂતકાળ જ આપણે ભૂલી ગયા છીએ.
જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)
★★★★★★★

**NGOSS NO.--209**
વિષય- સાહિત્ય સમાજનું પ્રતિબિંબ
શીર્ષક-. બિંબ - પ્રતિબિંબ-૧૫૦
પ્રકાર - પદ્ય અછાંદસ

સાહિત્યથી ઘડતર સમાજનું,
સમાજ બિંબ, સાહિત્ય પ્રતિબિંબ
ખોલે આંખ સમાજની,કરે અવનવું
સાહિત્ય સર્જન

વિચારો આપે ઉચ્ચ,નવી પેઢનું થાય ઘડતર
રાખવું વાંચન ઉચ્ચ સાહિત્યનું,સરળ જીવન
જે ઘરમાં હોય પુસ્તકાલય,સમજ ઉચ્ચ તીર્થ
આત્માનો ખોરાક ઉચ્ચ વાંચન,નથી બેમત

સમાજનો સડો કરે દૂર,સમાજ બને સ્વસ્થ
વિધવા વિવાહ,સતીપ્રથા,બાળવિવાહ
થયાં દૂર સાહિત્યની સેવા થકી,મોટો ઉપકાર
સાહિત્યની આ સેવા થકી,સમાજ બને ઉજ્જવળ

‘સ્વધા‘સાહિત્યની પૂજારણ,નીત કરે નવસર્જન
બિંબ એવું જ પ્રતિબિંબ,સમજાય તો
આભાર - નિહારીકા રવિયા સમજો મર્મ
સાહિત્ય ને સમાજ બંને સમાજનાં અભિન્ન અંગ
સુધા જે. પુરોહિત સ્વધા
હોનોલુલુ અમેરિકા
★★★★★★★

ૐય્જીજી ૐઃ૧૫૮
વિષયઃસાહિત્ય સમાજનું પ્રતિબિંબ
શીર્ષકઃ ઉત્તમ સાહિત્ય
પ્રકારઃપદ્ય શબ્દોઃ૧૦૭

જીવન અરીસા સમ હોય ચોખ્ખું ને ઉજળું પ્રતિબિંબ,
મનમાં શુભ વિચારો પ્રગટશે જ્ઞાન દેખાશે નિર્મળ પ્રતિબિંબ!

કલ્પન તમારું હોય ઉત્કૃષ્ટ તેવું રચાતુ હોય પ્રતિબિંબ,
ઉરની ઉર્મીઓ પ્રગટ થતું સાહિત્ય સમાજનું પ્રતિબિંબ!

અખૂટ ભંડાર અને સમાજનું પથ દર્શક એવું પ્રતિબિંબ,
ભક્તિ પ્રકૃતિ સનાતન સંસ્કૃતિ સાહિત્ય સમાજનું પ્રતિબિંબ!

સાહિત્યકારની રચનામાં ઝલકતું હોય સમાજનું પ્રતિબિંબ,
લાગણી સંવેદનાને વાચા આપતું સાહિત્ય સમાજનું પ્રતિબિંબ!

માનવતાની મહેંક નિર્મળ જગતની આંખે ઝીલાતું પ્રતિબિંબ,
સાહિત્યના શિખરો પડકારો સાહિત્ય સમાજનું પ્રતિબિંબ!

’પ્રેમ’ પાયો સમાજનો ઘડાય ઉત્તમ સાહિત્યનું પ્રતિબિંબ,
વિચારો આચરણ થાય ઉન્નત સાહિત્ય સમાજનું પ્રતિબિંબ!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ ’પ્રેમ’.
( આદરીયાણા-
સુરેન્દ્રનગર)
★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : સાહિત્ય સમાજનું પ્રતિબિંબ
શિર્ષક : દર્પણ
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૧૨૫

ભલે થાય કંઈક એવું કે,
સાહિત્યની સરવાણી ફૂટે ને
શબ્દોનાં સુધારા ફેલાય! ને
પછી દૂર દૂર કોરાં કાગળમાં ચીતરાય!
ભાસ ભીતરે થાય, ને
ખુદથી દૂર થવાય!
ઉગમણે કે આથમણે અહર્નિશ,
ઘૂમીને ગુમ થવાય!

આ ધરા કે ગગનને પેલે પાર,
ક્ષિતિજની લગોલગ જવાય!
હોય ભલે ત્યાં શૂન્યાવકાશ,
એ શૂન્યમાં જ ઓગળાય!

કરી પાપ, લઈ પુણ્યનો સથવારો,
છેટું પડે છે ને હવે છેટે જ રહેવાય!
કેમ કરી ભૂલું બધું સઘળે ખગ્રાસ છે,
ભીતરના ગ્રહણને હવે ગળાય!

લખવું છે કંઈક ને લખાય છે કંઈક,
લખાય છે કંઈક ને છપાય છે કંઈક!
છપાય છે કંઈક ને વંચાય છે કંઈક,
વંચાય છે કંઈક ને સમજાય છે કંઈક

સમાજમાં રહીને માનસિકતા ચિતરાય
એવું સાહિત્ય પીરસીને દર્પણ દેખાડાય,
સાહિત્યની સરવાણી એવી વહાવાય,
કે, આખે આખો સમાજ સુધરી જાય!

ગ્રીષ્મા પંડ્યા(અમદાવાદ)
★★★★★★★

**NOG SS NO.: 340**
વિષયઃ સાહિત્ય સમાજનું પ્રતિબિંબ
શિર્ષકઃ સાહિત્યની સરિતા
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૭૮

સાહિત્યની સરિતા, વહેતી નિત્ય છે,
સમાજ તણું એમાં જોવાતું પ્રતિબિંબ છે.
દર્પણ જેમ ઝીલે હર એક વાત ને,
સંસ્કૃતિની સઘળી સવાર કે રાત ને.

હર્ષ-શોક, ક્રોધ-પ્રેમ ને વેદનાયું,
જીવનની વણ કહી સઘળી યોજનાયુ.
રીતરિવાજ, રૂઢિઓ ખાલી વાતું,
સાહિત્યના પાને સચવાયું એ સાચું.

હોય જ્યાં અંધકાર, અન્યાયની પીડાઓ,
કવિની કલમ ત્યાં પાડે નવા ચિલાઓ.
નીડર બનીને કરે સત્યનો પ્રચાર,
સમાજને આપે તે સાચો દિશા સંચાર.

સાહિત્ય નથી કેવળ શબ્દોની માયા,
એ તો છે યુગો જુની સચોટ કાયા;
ભૂતકાળ તણા ભેદ ખોલી બતાવે,
ક્યાં છે ખૂબી, ક્યાં છે ખામી એ બતાવે,
સર્જક સાહિત્ય"સ્વયમ’ભુ" એ રાહ બતાવે.

અશ્વિન રાઠોડ "સ્વયમ’ભુ"
વનાળીયા (હાલ – મોરબી)
★★★★★★★

**NOG SS NO 334**
વિષયઃ-"સાહિત્ય સમાજનું પ્રતિબિંબ"
શીર્ષકઃ- સાહિત્યદર્પણ
પ્રકારઃ-પદ્ય શબ્દોઃ- ૭૬

સાહિત્ય સમાજનો અરીસો,લેખનમાં વર્તાય,
પ્રતિબિંબ દીસે સમાજનું,ઓળખ રૂડી થાય.

સાહિત્ય સર્જન કરતાં,નવ રસ નિરુપણ થાય,
એક એક રસ અનુભવતાં,હૈયે આનંદ થાય.

પાત્રની કરણી બોલે, વિવિધ સ્વરૂપે સમજાય,
ખોલે આંખ સમાજની,સમાજ ઘડતર થાય.

જ્ઞાન વરસે અમૃતસમું,ભરભર અમીરસ પીવાય,
પથદર્શક બને જીવતરમાં,જીવનધારા બદલાય.

થોડું કહેતાં સમજાય ઘણું,પદાર્થ પાઠ આપી જાય,
વ્યક્તિત્વ નિર્માણ થઈ રહે,આપો આપ ઓળખાય.

માનવતાની મહેંક પ્રસરાવતું,ઉત્તમ સાહિત્ય રચાય,
બદલી નાખે નકશો દુનિયાનો,કાયાપલટ કરી જાય.

મહેશભાઈ રાઠોડ ’સ્નેહદીપ’ (હિંમતનગર)

# અમદાવાદના નગરવાસીઓ સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો અટલ ફૂટઓવર બ્રિજ

ગાંધીનગર, ૪ નવેમ્બર, ૨૦૨૫: ભારતના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદમાં સાબરમતી નદી પર નિર્મિત આઈકોનિક અટલબ્રિજ આજે અમદાવાદના નગરવાસીઓ સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દિવાળી વેકેશન હોય કે ઉનાળાનું વેકેશન, આ અટલ ફૂટ ઓવર બ્રિજ લોકો માટે ફરવાનું ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ અટલબ્રિજને જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો હતો. જીઈહ્લઢઝ્રન્ (સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ.) દ્વારા આપવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના સમયમાં કુલ ૭૭,૭૧,૨૬૯ લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી છે. આ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ?૨૭.૭૦ કરોડથી વધુની આવક પણ થઇ છે, જે અમદાવાદના ટુરિઝમ ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ગુજરાતનું સૌથી અદ્યતન શહેર છે, જે આધુનિકીકરણ સાથે જૂના વારસાને પણ સાચવીને બેઠું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ શહેરની મુલાકાતે આવતા પ્રવાસીઓને એક અભૂતપૂર્વ અનુભવ પ્રદાન કરવા માટે વિવિધ પ્રવાસન આકર્ષણોનો વિકાસ કરવામાં



આવ્યો છે. ગાંધી આશ્રમ, સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા લેકફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ શહેરની જૂની પોળ સંસ્કૃતિ, અમદાવાદ હેરિટેજ વૉક વગેરે પ્રવાસન આકર્ષણોની મુલાકાત લેવા લાખો પ્રવાસીઓ અમદાવાદ આવે છે. તેમાં પણ અટલ ફૂટઓવર બ્રિજ આધુનિક આર્કિટેક્ચર, ગુજરાતી સંસ્કૃતિ અને નગરસૌંદર્યનું જીવંત પ્રતીક છે.

અટલ બ્રિજની મુલાકાત લેનાર પ્રવાસીઓની વર્ષવાર આંકડાકીય વિગત

જીઈહ્લઢઝ્રન્ (સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ) એ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન (છસ્ઝ્ર)ની કંપની છે, અને અટલ બ્રિજનું બાંધકામ આ કંપની દ્વારા કરવામાં આવ્યું છે. જીઈહ્લઢઝ્રન્ દ્વારા આપવામાં આવેલા વર્ષવાર આંકડાઓની વિગતવાર વાત કરીએ તો, ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ દરમિયાન ૨૧.૬૨ લાખ પ્રવાસીઓએ અટલ બ્રિજની મુલાકાત લીધી હતી, જેનાથી ?૬.૪૪ કરોડ આવક થઇ હતી. એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ દરમિયાન ૨૬.૮૯ લાખ મુલાકાતીઓ થકી ?૮.૨૪ કરોડની તેમજ એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ દરમિયાન ૨૦.૬૭ લાખ મુલાકાતીઓ થકી ?૮.૧૯ કરોડની આવક થઇ હતી. એપ્રિલ ૨૦૨૫ થી ઑક્ટોબર ૨૦૨૫ સુધીમાં ૮.૫૧ લાખ મુલાકાતીઓ અટલ બ્રિજની મુલાકાત લઈ ચૂક્યા છે, જેનાથી અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશનને ?૪.૮૨ કરોડની આવક થઇ છે. આ આઈકોનિક અટલ બ્રિજ અંદાજે ?૭૪ કરોડનો ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. અત્યારસુધીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અટલ બ્રિજ થકી ?૨૭.૭૦ કરોડની આવક થઇ ચૂકી છે. આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અટલબ્રિજ પાછળ કરેલા કુલ ખર્ચના ૩૭ ટકાથી વધુ રકમ વસૂલ થઈ ગઈ છે.

## અરવલ્લી જિલ્લા માહિતી વિભાગ રેડ ક્રોસ અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેક અપ કેમ્પ યોજાયો



મોડાસા ૪ ૧૧ ૨૦૨૫

ફીટ ઈન્ડિયા ફિટ મીડિયા અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લા માહિતી વિભાગ ઈન્ડિયા રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે મીડિયા કર્મીઓ માટે વિશેષ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી મોડાસા ખાતે યોજાયો હતો આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના બહોળી સંખ્યામાં પત્રકારો તથા મીડિયા કર્મીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેમનું બોડી ચેકઅપ કરાવ્યું હતું આવા મેડિકલ કેમ્પ દ્વારા મીડિયા કર્મીઓના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું તેમ જ સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો મહત્વપૂર્ણ હેતુ સિદ્ધ થયો છે આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને અરવલ્લી જિલ્લા રેડ ક્રોસ ચેરમેન શ્રી ભરતભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા જિલ્લા માહિતી અધિકારી શ્રી નિધિ જયસ્વાલ તેમજ મોટી સંખ્યામાં પત્રકાર સ્ત્રીઓ અને મીડિયા કર્મીઓએ આ કાર્યક્રમમાં જોડાઈને તેમને સફળ બનાવ્યો હતો આ પ્રસંગે રેડ ક્રોસ તથા માહિતી વિભાગ દ્વારા મીડિયા કર્મીઓના આરોગ્ય પ્રત્યેની જાગૃતિ અને સતત સેવાની ભાવનાને વધુ મજબૂત કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો

## અમેરિકાના સિએટલમાં સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં 'વૉલ ઑફ યુનિટી'નું અનાવરણ

ગાંધીનગર, ૦૪ નવેમ્બર ૨૦૨૫: ૩૧ ઑક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમેરિકાના સિએટલમાં ભારતીય વાણિજ્ય-દૂતાવાસ (કોન્સ્યુલેટ)ના નવા ચાન્સરી પરિસરમાં સરદાર વલ્લભભાઈ પટેલના વારસાના સન્માનમાં "વૉલ ઑફ યુનિટી"નું અનાવરણ કરવામાં આવ્યું હતું. વૉલ ઑફ યુનિટી એટલે કે એકતાના પ્રતીક તરીકેની દિવાલ ગુજરાતના કેવડિયામાં નર્મદા ખીણની પૃષ્ઠભૂમિ સામે સ્થાપિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા-'સ્ટેચ્યુ ઑફ યુનિટી'નું મનોહર ચિત્ર રજૂ કરે છે. સ્ટેચ્યુ ઑફ યુનિટીનું લોકાર્પણ ૩૧ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.




નોંધનીય છે કે, સિએટલમાં સ્થાપિત ×વૉલ ઑફ યુનિટી× ભારતની વિવિધતામાં એકતાની શક્તિને ઉજાગર કરશે, સાથે જ અમેરિકાના પૅસિફિક નોર્થવેસ્ટ ક્ષેત્રના પ્રવાસીઓમાં તેનું આકર્ષણ વધવાને કારણે ગુજરાતના કેવડિયામાં પ્રવાસનને વેગ મળશે.૩૦ટ૧૪ ફૂટનું આ ઈન્સ્ટોલેશન કોન્સ્યુલેટના મુખ્ય મુલાકાતી વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવ્યું છે. તે ભારતના તમામ ૨૮ રાજ્યોમાંથી ×વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ૈંર્ડ્ઢ)× વસ્તુઓ પ્રદર્શિત કરતા એક્ઝિબિશનની બાજુમાં આવેલું છે, જે મુલાકાતીઓને દેશના પર્યટન અને સાંસ્કૃતિક વિવિધતાનો જીવંત અનુભવ કરાવે છે.

કોન્સ્યુલેટનો મલ્ટીપર્પઝ હૉલ (વિવિધ હેતુઓ માટેનો ખંડ) તાજેતરમાં જ ખુલ્લો મુકાયો છે. તેમાં દર મહિને લગભગ ૨૦૦ મુલાકાતીઓ આવે છે, જેમાં સ્થાનિક મહાનુભાવો, સમુદાય સંગઠનો, વ્યાપારી નેતાઓ, કોન્સ્યુલર અરજદારો અને ભારતીય અમેરિકન સમુદાયના સભ્યોનો સમાવેશ થાય છે. આજે અનાવરણ સમારોહમાં "વૉલ ઑફ યુનિટી" ઈન્સ્ટોલેશન જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કોન્સ્યુલ જનરલે અનાવરણ સમારોહમાં હાજરી આપનારા તમામ અધિકારીઓને ×રાષ્ટ્રીય એકતા દિવસની પ્રતિજ્ઞા× પણ લેવડાવી હતી.

## સ્પાયવેર તમારા ફોન કે ડિવાઇસમાં છૂપાયેલો એક ડિજિટલ જાસૂસ

સ્પાયવેર એક પ્રકારનો સોફ્ટવેર પ્રોગ્રામ છે, જે તમારા કમ્પ્યુટર માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આ સોફ્ટવેર હેકર્સ દ્વારા કમ્પ્યુટરમાંથી પર્સનલ ડેટા ચોરી કરવા માટે બનાવવામાં આવેલો પ્રોગ્રામ છે. હેકર્સની ભાષામાં માલવેર શબ્દનો ઉપયોગ વાયરસ, સ્પાયવેર અને વોર્મ વગેરે માટે થાય છે. આ ત્રણેય વાયરસના સ્વરૂપો છે.

સ્પાયવેર તમારી પ્રાઈવેટ ફાઈલોને ઍક્સેસ કરી શકે છે અને તેને અન્ય ડિવાઈસમાં પર ટ્રાન્સફર કરી શકે છે. આના દ્વારા હેકર્સ તમારી માહિતી, ફોટા, વીડિયો, બેંક એકાઉન્ટની માહિતીની ચોરી કરી શકે છે.

સ્પાયવેર એટેકના કારણોની વાત કરીએ તો કમ્પ્યુટર પર સ્પાયવેર એટેક થવાનાં ઘણાં કારણો છે. આનું સૌથી મોટું કારણ ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરવું છે. તમે જેટલું વધુ ડાઉનલોડ કરશો, તેટલું જ સ્પાયવેરનું જોખમ વધારે છે. સ્પાયવેર વાયરસ આપણે ઈન્ટરનેટ પરથી લઈએ છીએ તે ફાઈલો, ફોટો, વીડિયો અથવા ગીતો દ્વારા સરળતાથી આપણા ડિવાઈસ સુધી પહોંચે છે. ઘણી વખત કમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરેલાં રીમૂવેબલ ડિવાઈસ પણ સ્પાયવેરનું કારણ બની જાય છે. જો તમે તમારી સિસ્ટમમાં પેન ડ્રાઈવ અથવા મેમરી કાર્ડ લગાવો છો જેમાં પહેલાથી જ વાયરસ છે, તો તે તમારી સિસ્ટમ સુધી પહોંચી જાય છે જે ખતરનાક સાબિત થઈ શકે છે.

સ્પાયવેર વાયરસ જો તમારા ડિવાઈસમાં હોય તો તેના લક્ષણો પણ તમને નજર આવશે જેમ કે જો તમારા ફોનની બેટરી અસામાન્ય રીતે ઝડપથી ખતમ થવા લાગી હોય, તો તે સ્પાયવેર હોવાનો સંકેત બની શકે છે. કારણ કે આવા સોફ્ટવેર ફોનના એવા ફિચર્સનો સતત ઉપયોગ કરે છે, જેનાં કારણે બેટરી વધુ ઝડપથી ખતમ થાય છે. સ્પાયવેર માત્ર બેટરી જ નહી, પણ ફોનનો ઈન્ટરનેટ ડેટા પણ વાપરે છે. જો તમે ધ્યાન આપો કે તમારો મોબાઈલ ડેટા અચાનક વધુ ઝડપથી ખતમ થવા લાગ્યો છે, તો સાવચેત રહેવું જરૂરી છે. જો તમે કોઈ એપ કે ફિચર્સનો ઉપયોગ ન કરી રહ્યાં હોવ છતાં તમારા ફોનમાં માઈક, સ્પીકર અથવા રેર્કોડિંગ દેખાવા લાગે, તો તે સ્પાયવેર હોવાનો એક મોટો સંકેત બની શકે છે.

સાયબર ગુનેગારો સ્પાયવેરની મદદથી તમારી ખાનગી માહિતી ચોરી શકે છે અને પછી તે માહિતી લીક કરવાની ધમકી આપી પૈસા ઉઘરાવવાનો પ્રયાસ કરી શકે છે. ખાસ કરીને, જો તમે ઈ-બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરો છો, તો તેઓ તમારા બેંક ખાતા સાથે સાયબર છેતરપિંડી પણ કરી શકે છે.

સ્પાયવેર સામે રક્ષણ આપવાની રીતોની વાત કરીએ તો, ફક્ત વિશ્વસનીય વેબસાઈટ્સ પરથી ગીતો અથવા ફોટો વગેરે ડાઉનલોડ કરવા જોઈએ. તમારે આ માટે કેટલાક પૈસા ચૂકવવા પડી શકે છે, પરંતુ તે તમારી સિસ્ટમ માટે સારું રહેશે. જો તમારી સિસ્ટમમાં એન્ટી-સ્પાયવેર અથવા એન્ટી-વાયરસ નથી, તો તેને તરત જ ઈન્સ્ટોલ કરો. સમયાંતરે તમારી સિસ્ટમના એન્ટી-વાયરસને અપડેટ કરતાં રહો. તે પણ બતાવશે કે એન્ટી વાયરસ યોગ્ય રીતે કામ કરી રહ્યો છે કે નહીં. પાસવર્ડ સાથે તમારા મહત્વપૂર્ણ ડેટાને સુરક્ષિત કરો, જેથી તે સરળતાથી ચોરી અથવા હેક ન થઈ શકે. તમે જે પાસવર્ડ સેટ કર્યો છે તે અંકો અને અક્ષરો બંનેનો ઉપયોગ કરવો જોઈએ.



યાત્રાધામ ડાકોરના રણછોડરાય મંદિર ખાતે તુલસી વિવાહનો ઉત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો હતો મંદિરમાં ૧૧ જગ્યાએ કુંજ બનાવી તુલસી વિવાહ નો કાર્યક્રમ ઉજવાયો હતો મંદિર પરિસર તથા લક્ષ્મીજી મંદિરના રોડ ઉપર ભારે ફટાકડા ફોડી યાત્રિકોમાં આનંદનો લાગણી ફેલાઈ હતી શ્રીજી ના બાલ સ્વરૂપને સોનાની પાલખીમાં પધરાવી લક્ષ્મીજી મંદિરે વરઘોડો ગયો હતો વરઘોડો લક્ષ્મીજી મંદિરેથી પરત ફર્યા બાદ તુલસી વિવાહ નો કાર્યક્રમ શરૂ થયો હતો












Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.